# - ૩ -

# શુદ્ધભાવ અધિકાર

હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.

આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

**અન્વયાર્થ** :—જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે. ॥૩૮॥

આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

**અન્વયાર્થ** :—જીવને ખરેખર સ્વભાવસ્થાનો (–વિભાવ-સ્વભાવનાં સ્થાનો) નથી, માનાપમાનભાવનાં સ્થાનો નથી, હર્ષભાવનાં સ્થાનો નથી કે અહર્ષનાં સ્થાનો નથી. ॥૩૯॥

અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

**અન્વયાર્થ** :—જીવને સ્થિતિબંધસ્થાનો નથી, પ્રકૃતિસ્થાનો નથી, પ્રદેશસ્થાનો નથી, અનુભાગસ્થાનો નથી કે ઉદયસ્થાનો નથી. ॥૪૦॥

ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

**અન્વયાર્થ** :—જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમ-સ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમ-સ્વભાવનાં સ્થાનો નથી. ।।૪૧।।

શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.

ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

**અન્વયાર્થ** :—જીવને ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ જન્મ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો નથી. ।।૪૨।।

અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

**અન્વયાર્થ** :—આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે. ।।૪૩।।

અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

**અન્વયાર્થ** :—આત્મા નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષ-વિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ છે. ।।૪૪।।

અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણ-પરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્‌ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

**અન્વયાર્થ :—**વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, સંસ્થાનો અને સંહનનો—એ બધાં જીવને નથી. ।।૪૫।।

જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ. ।।૪૬।।

શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.

**અન્વયાર્થ :—**જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે. ।।૪૭।।

વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.

**અન્વયાર્થ :—**જેમ લોકાગ્રે સિદ્ધભગવંતો અશરીરી, અવિનાશી, અતીંદ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા. ।।૪૮।।

આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

**અન્વયાર્થ :—**આ (પૂર્વોક્ત) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલા સર્વ જીવો સિદ્ધસ્વભાવી છે. ।।૪૯।।

આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

**અન્વયાર્થ :—**પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—આત્મા—ઉપાદેય છે. ।।૫૦।।

આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**

**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.**

**અન્વયાર્થ :—**વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે. ।।૫૧।।

ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્) જ્ઞાન છે. ।।૫૨।।

સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે. ।।૫૩।।

સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે; તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ. ।।૫૪।।

વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે; નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે. ।।૫૫।।

**આ રીતે, શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો શુદ્ધભાવ અધિકાર નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**